# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૦

અંક : ૬


## બાળકો

વિવિધ તબકકે બાળકો અને એડોલેસન્ટ એઈઝની આરોગ્ય શિક્ષણ વિ. ની જરુરિયાતો ને ધ્યાનમા રાખી આ પ્રકારના કાર્યક્રમો સાથે સંકળાયેલા કાર્યકરોને ચેતના સંસ્થાના ચાઈલ્ડ રિસોર્સ સેન્ટર દ્વારા ક્ષમતા વર્ધન કાર્યશાળા ડીસે ૦૬માં યોજાઈ હતી ત્યાર બાદ જુન ૦૭મા ફોલોઅપ કાર્યશાળા થઈ. જેમાં અમરેલી જીલ્લાની હરિરાજ સંસ્થા  તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યકરો જોડાયા હતા.

આ કાર્ય સાથે જોડાયેલા ચિત્રા ઐયર તથા એમ એસ યુનિવર્સિટીના વિદ્યાર્થીની અવતિકા સિંઘ ઉપર જણાવ્યા મુજબના કાર્યની અસર જોવા માટે એક દિવસની અમરેલીની મુલાકાતે આવ્યા હતા.

તાલીમ બાદ સંસ્થા, કાયકરો અને બાળકો કક્ષાએથી થયેલ કામગીરી જેમાં ખાસ કરીને બાળ અધિકાર બાબતે બાળકો, વાલી તથા સમાજમા જાગૃતિ, કાર્યકરોની તાલીમ પછી સંસ્થામાં બાળ અધિકાર કાર્ય પ્રમોશનની જાણકારી તેમજ વધારે તાલીમ તથા અન્ય ટેકાની જરુર બાબતે સંસ્થાના કાર્યકરો, બાળકો તથા લોકો સાથે ચર્ચા કરી હતી.

સ્થાનિક સંગઠનોની આર્થિક મર્યાદાઓ, કાયદાકીય જાણકારી ધરાવતા સ્ટાફનો અભાવ તેમજ બાળ મજુરી અટકાવવા સંદર્ભે લોકોની ઉદાસિનતા જેવા પડકારો આ કાર્યમા જોવા મળ્યા હતા.

નવી ટેકનીક/અવનવી પધ્ધતિઓ, અસરકારક ક્ષેત્રિય અમલીકરણ બાબતે નિયમિત ચર્ચા થાય અને તાલીમ અહેવાલ/દરખાસ્તો તૈયારકરવા તથા સ્થાનિક ભાષામા અસરકારક રિસોર્સ મટીરીયલ્સ બનાવવા ચેતના પાસે અપેક્ષા રાખવામા આવી હતી.

**Important Days**

July 1   Doctor's Day

July 11 World Population Day

જુન ૨૦૦૮નાં "ટપક" અંક સહયોગ

**સરદાર વિદ્યાલય**

**દામનગર**

પોતાના કામને ચાહવા લાગે તે સુખી બને છે.

## સમર કેમ્પ મુલ્યાંકન

૪ થી ૬ વર્ષના બાળકો કે જે આંગણવાડીમાં જાય છે અથવા નથી જતા તેમજ ૫ વર્ષ ઉપરના બાળકો શાળાએ જવાનુ શરુ કરેલ પણ હોય તેવા તમામ બાળકો સાથે મે માસમા એક મુલ્યાંકન કરવામાં આવ્યુ જેમા ૨૦૦૦ ઘરોમાથી ૧૫૧૩ બાળકોની ઓળખ શકિત કેવી છે તે માટેના ટેસ્ટ લેવામા આવ્યા હતા. ત્યાર બાદ પ્રથમ સંસ્થા દ્વારા દરેક આંગણવાડી કેન્દ્રો પર સમર કેમ્પનુ આયોજન થયુ હતુ. જુન માસના અંતે ફરી આ જ બાળકોના ટેસ્ટ લેવામા આવ્યા. જેનો અગાઉ કરેલ ટેસ્ટ સાથે સરખામણી કરી કેટલી ઓળખ શકિત વધી છે તે જાણવાનો આ સંસ્થાનો પ્રયાસ છે. અમરેલી જીલ્લામાં પ્રથમના આ કાર્યને આ સંસ્થાની ટીમ સહયોગ કરી રહી છે.

આ સર્વે કરતી વખતે ટીમના સભ્યોને ઘણા બધા અનુભવો થયા છે. જેમકે સર્વે કરતી વખતે ઘણા બાળકો ટેસ્ટ આપતી વખતે શરમ, સંકોચ અનુભવતા હોય, ઘણા બાળકોના વાલી ખેતરમાં હોય તો બાળકો પાસે પુરતી માહીતી ન હોય તો માહીતી લેવામાં મુશ્કેલી પડે.ટીમના સભ્યો જયારે સરપંચ ને મળે અને આ સર્વે વિશે વાત કરે ત્યારે મોટા ભાગના સરપંચ એવુ માનતા હતા કે આવા સર્વેથી બાળકોને ઘણો બધો લાભ થાય છે, બાળકોનો ઉત્સાહ વધે, બાળકોનું શિક્ષણના સ્તરમાં વધારો થાય છે. તેમજ વાલીઓનુ સુચન એવુ હતુ કે આંગણવાડીની બહેનો બાળકોને થોડી વાર્તા, ગીત રમત જેવી પ્રવૃતિ કરાવે તો બાળકો હોંશથી આંગણવાડીમાં જાતા થાય. અમુક ગામમાં આંગણવાડી કેન્દ્ર પડી ગયેલ છે તો તેના માટે કોઈ વ્યવસ્થા કરેલ નથી બીજુ અમુક ગામમાં તેડાગર બહેનો પણ નથી ત્યાના વાલીનુ કહેવુ છે કે આંગણવાડી કેન્દ્ર દુર છે કોઈ લેવા આવતુ નથી તો બાળકને કઈ રીતે મોકલવુ. તેમજ આખુ ગામ આંગણવાડીથી નારાજ હોય તેવુ લાગતુ હતુ અને આ કેન્દ્રના બન્ને બહેનો બીજા ગામમાથી આવતા હોવાથી તે લોકો નિયમિત કેન્દ્ર ખોલતા નથી તેવુ પણ જાણવા મળેલ છે. તેમજ અઠવાડીયામાં ૪–૫ વખત અને તે પણ માત્ર નાસ્તો આપી જતા રહે છે તેવુ સુચન કરેલ હતુ. આમ, સંસ્થાની ટીમના સભ્યોને જુદા જુદા ગામોમાં અલગ અલગ અનુભવો થયા હતા.

આંગણવાડી કાર્યકરો એકલા કામ કરતા હોય તેમના સહાયક બહેનની નિમણુંક ન થઈ હોય તેવા કિસ્સામા આ સમય દરમ્યાન આંગણવાડી કાર્યકર રજા પર હોય કે કોઈ તાલીમ મીટંગ તથા સોંપવામા આવેલ અન્ય કામગીરીમા રોકાયેલ હોય ત્યારે કેન્દ્ર બંધ રહે છે.

દરેક કોળીયાને મીઠો કેમ બનાવવો એનું નામ કેળવણી

## વાંક કોનો?

આપણી સૌની આસ્થાનું અને લોકશાહી માટે માળખાનું એક અગત્યનું અંગ કહી શકાય તો તે આપણું ન્યાયતંત્ર છે. હજારો વર્ષથી ન્યાયની આ પ્રણાલી ચાલી આવે છે. ઐતિહાસીક યુગમાં લોકો રાજાના મહેલમાં જઈ કોઈ એક જગ્યાએ બાંધેલ ઘંટ વગાડી પોતાને ન્યાય મળે તેવી યાચના રાજાને કરતા. રાજા અથવા તેના દ્વારા નિમાયેલ પ્રતિનિધિ તેમને યોગ્ય ન્યાય મળે તેનું ખાસ ધ્યાન રાખતા. આ ન્યાયાલય તમામ નગરજનોની સમક્ષ પ્રક્રિયા કરતું અને બધા લોકો રાજાના આ ન્યાય તથા પધ્ધતિથી ખુશ હતા. તેમને યોગ્ય ન્યાય મળી રહેશે તેવી લોકોને આસ્થા હતી. આ માટે રાજા પણ પોતાની બુધ્ધિ અને કોઠાસુઝનો સારો એવો ઉપયોગ કરતા અને પ્રજાજનોને યોગ્ય ન્યાય આપતા આ પધ્ધતિ સરળ અને મફત હતી. ત્યારબાદ ગ્રામસભા તથા પંચ આ પ્રકારની પ્રક્રિયામાં હતુ જે પ્રથા હજુ પણ કેટલાક સમુદાયોમાં જોવા મળે છે.

ભારત આઝાદ થયુ. લોકશાહીવાળા આ દેશમાં આપણા ભારતના બંધારણનો જન્મ થયો તેના આધારે નવા નવા કાયદાઓ બન્યા અને ન્યાયની આ પ્રણાલીને જાળવી રાખવા માટે તાલુકાથી માંડીને રાજય તથા રાષ્ટ્રિય સ્તરે ન્યાયાલયોની સ્થાપ્ના કરી અને ન્યાયાધીશો દ્વારા ભારતના દરેક નાગરીકને ન્યાય મળી રહે તેવી જોગવાઈ કરી પરંતુ સમય જતા ન્યાયાલયોમાં કેસોનો ભરાવો થવા લાગ્યો ન્યાયાલયોની ક્ષમતા કરતા કેસો વધી ગયા સરકારે નવા ન્યાયાલયો તથા ઘણા અન્ય પ્રયાસોરૂપે રાત્રી ન્યાયાલય વગેરે જેવા પ્રયોગો કર્યા પરંતુ તેમ છતા સ્થિતિ તો ત્યાંને ત્યાજ છે. કોનો વાંક કાઢવો? ન્યાયતંત્રનો કે પછી ન્યાય મેળવવા વેઠવી પડતી મુશ્કેલી માટે જવાબદાર પ્રણાલીનો.

કહી શકાય કે રાજાશાહીમાં એક જ દિવસમાં ન્યાય મળી જતો અને ગુનેગારને આકરામાં આકરી સજા થતી અને તે પણ અન્ય લોકોની હાજરીમાં તેથી તે અથવા બીજો કોઈ વ્યકિત તેવો ગુનો કરતા ડરતો. તેમનો ન્યાય એક મિશાલ બની રહેતો (ગુનેગાર તેમજ જેઓ પિડિત હતા તેઓ માટે) પરંતુ હાલ ન્યાયાલયના પ્રાંગણમાં સજા પામેલ ગુનેગાર પણ ગુનો કરતા ખચકાતો નથી. હમણા સમાચારમાં વાચ્યું કે ન્યાય તંત્રમાં ઘુસેલી બદીઓને દુર કરવા માટે ભારત સરકાર કોઈ કમીટીની રચના કરી રહી છે.

**આજના ઝડપથી વિકાસ પામતા આ દેશના આ તંત્રમાં લોકો ગુનો કરતા ખચકાતા નથી પણ ન્યાય માંગતા ખચકાય છે. તો આમા વાંક કોનો...**

—ભરત વાળા

મધુર અને સૌમ્ય બોલીએ

**બાળ અધિકાર**

સાંપ્રત સમસ્યાઓ પૈકીની એક અને સૌનું ધ્યાન કેન્દ્રિત કરે તેવી કોઈ સમસ્યા હોય તો તે બાળ મજદુરી છે. પણ મોટા ચશ્મા પહેરીને પણ આપણને આ બાળ મજદુરો દેખાતા નથી તે આપણા સૌ માટે જબરી સમસ્યા છે. બાળ મજુરી અને ગરીબીને સીધો સંબંધ છે. તમે વિચારશો કે ગરીબી છે તો બાળમજુરી છે, પણ નહી બાળ મજુરી છે તો ગરીબી છે, કેમકે ઓછા વળતરમાં અને લાંબો સમય એક બાળક જ વેઠીયા કરતા વધારે બદતર પરિસ્થિતીમાં કામ કરી શકે અને તેથી પુખ્ત વયના વ્યકિતની બે વખતની મજુરી પર સીધી અસર પડે. આમ ગરીબી વધે. બાળકને પુરતુ વેતન ન મળે અને પુખ્તને સમુળગી રોજગારી જ ન મળે.

બાળ મજુરી નિર્મુલન માટે ઘણા કાયદાઓ છે. જેમાનો એક જુવેનાઈલ જસ્ટીસ એકટ – ૨૦૦૦ ઘણો અસરકારક છે.

હમણા જ ગુજરાત સરકારે બાળ મજદુરી નાબુદી માટે એક સ્ટેટ એકશન પ્લાન બનાવેલ છે. અને તે અંતર્ગત જીલ્લા કક્ષાએ કામગીરી કરવા અને અન્ય લોકોને તાલીમ પુરી પાડવા માટે એક માસ્ટર ટ્રેઈનર્સની તાલીમનું આયોજન તા. ૨૪ થી ૨૬ જુન ૨૦૦૮ના રોજ મહાત્માં ગાંધી લેબર ઈન્સ્ટીટયુટ અમદાવાદ ખાતે થયેલ હતુ. આ માટે શ્રી આર એમ પટેલ અગ્ર સીચવ, શ્રમ અને રોજગાર વિભાગ એ તાલીમનું આયોજન કરેલ. જીલ્લા કક્ષાએથી આસીસ્ટન્ટ લેબર કમીશ્નર, સ્વૈચ્છિક સંસ્થાઓના એક પ્રતિનિધિ તથા શૈક્ષણિક સંસ્થામાંથી એક એક વ્યકિત હાજર રહયા હતા. અને હવે પછી આ ટીમ જીલ્લા કક્ષાએ તાલીમ પુરી પાડશે.

આ ત્રણ દિવસની તાલીમમાં બાળ અધિકાર પર કામ કરતા વિવિધ તજજ્ઞોએ હાજર રહી માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ. જેમાં શ્રી જી એસ ગુલાટી યુનીસેફ, શ્રી કૌશીક રાવલ સિનીયર લેકચરર સ્કુલ ઓફ લો ગુજરાત યુનીવર્સીટી, ડો. મહાવીર જૈન વી વી ગીરી ઈન્સ્ટીટયુટ – નોયડા, શ્રી નિવાસ રેડી ઈન્ડસ પ્રોજેકટ આઈ એલઓ દીલ્હી, શ્રી એમ એન ભાડ એડીશનલ ડાયરેકટર એસ એસ એ મિશન, શ્રી હરજીત કૌર – ડાયરેકટર, મીનીસ્ટ્રી ઓફ લેબર ભારત સરકાર, શ્રી વત્સલા વાસુદેવા, લેબર કમિશ્નર, ગુજરાત સરકાર શ્રી એફ પી હાલાણી ડાયરેકટર, સોશ્યલ ડીફેન્સ વિગેરે હાજર રહયા હતા.

તાલીમ દરમિયાન સરકારી અધિકારીઓ તથા સંસ્થાના પ્રતિનિધિઓ વચ્ચે બાળ મજદુરીના મુદે ખુબ જ સારી એવી ચર્ચા થઈ હતી.

બાળ મજદુરી નિર્મુલન માટે આ રીતની જ કામગીરી મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં થયેલ છે. ત્યાંથી બે પ્રતિનિધિઓએ હાજર રહી

સારા કાર્ય કરવાની તક ભાગ્યે જ મળે છે.

તેમના અનુભવો તથા મુશ્કેલીઓ અને આ કાર્ય કઈ રીતે થઈ રહયુ છે તેના પર માર્ગદર્શન આપ્યુ હતુ.

સમગ્ર તાલીમનું સંચાલન મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટયુટના શ્રી કિષ્ણપાલ મલીકે કર્યુ હતુ. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવશ્રી આર એમ પટેલે અંગત રસ દાખવી તાલીમ કાર્યક્રમ સફળ બનાવેલ હતો. તાલીમના અંતે શ્રી સુદર્શન આયંગર વાઈસ ચાન્સેલર ગુજરાત વિદ્યાપીઠ અને આદરણીય મુખ્ય ન્યાયધિશ શ્રી આર એ મહેતા (રીટાયર્ડ) એ હાજર રહી માર્ગદર્શન પુરુ પાડેલ.

શ્રી આર એમ પટેલે જણાવેલ કે ગુજરાત સરકારે આગામી સમય એટલે કે ૨૦૧૦ સુધીમાં ગુજરાતને બાળ મજુરી થી મુકત કરવાની નેમ વ્યકત કરેલ છે. જે આપણા બધાની સક્રિય સહભાગીતાથી સિધ્ધ કરી બતાવીશુ. તાલીમાર્થીઓએ તેમના આ તાલીમ અંગેના અભિપ્રાયો આપેલ. અમરેલીથી શ્રી સુભાષચંદ્ર નાયી તથા ભરતભાઈ વાળા ઉપસ્થિત રહયા હતા.

**જયાં સુધી  સમાજમાંથી બાળ મજુરી દુર નહી થાય, ત્યાં સુધી સમાજનો સર્વાંગી વિકાસ શકય નહી બને. આ બાબતે બુધ્ધીજીવીઓએ વિચારવુ જ રહયુ.**

## સકીનાબાનુ

૩૫ વર્ષની ત્રણ બાળકોની માતા અને મોટી દીકરીને તો પરણાવી પણ દીધી, હસમુખી મહેનતી અને શોખીન સકીનાની જીંદગીમાં દુઃખ જ દુઃખ છે.

૧૫ વર્ષની હતી ત્યારે ઉતર પ્રદેશના એક નાનકડા ગામમાં સુરતમાં નોકરી કરતા જુવાન ઈકબાલ સાથે તેના નિકાહ થયા. સુરત આવ્યા પછી તેના પતીની હરકતોથી સકીના હેરાન થઈ. તે નશામાં ચુર રહેતો અને રોજ તેને મારતો, પણ તે પતિ પરમેશ્વરને માન આપતી અને બધુ જ સહન કરતી. છતા પતિદેવમાં કોઈ સુધારો દેખાયો નહી. સામેના ઘરમાં રહેતા પરણીત જુવાન હુસેનને ત્યાં સકીના આવતી જતી હતી. તે એના ઘણા બધા કામો કરી આપતો, બાળકો બિમાર હોય તો ડોકટર પાસે લઈ જવા, તેમને સ્કુલમાં દાખલો અપાવવો વિગેરે... ધીરે ધીરે આ સંબંધ બદલાયો અને બન્ને એક બીજા તરફ ખેંચાયા પતિના ત્રાસથી કંટાળેલી સકીનાના જીવનમાં જાણે પાછી બહાર આવી એને તે સમયે તેને ખરા ખોટાનુ કાઈ ન સુઝયુ અમુક વર્ષ પછી તે ખુબ બિમાર થઈ અને રીપોર્ટ એચ.આઈ.વી. પોઝીટીવ આવ્યો. આમ સકીના બે સ્વાર્થી અને અત્યાચારી નરોના ત્રાસથી ઝઝુમતી તે જીવન ટકાવી રહી છે. સંસ્થા દ્વારા મળતી દવા અને અન્ય મદદ મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે.

સાભાર – અંતરનું અંજવાળું

અનિર્ણાયકતા એ ચારિત્ર્યની મોટામા મોટી નબળાઈ છે.

## વાષિક અધિવેશન/સાધારણ સભા

સંસ્થા સાથીઓનુ અધિવેશન તા. ૧૪ જુન ૦૮ના રોજ સંસ્થા કાર્યાલય પર રાખવામા આવ્યુ હતુ. અધિવેશનમાં સંસ્થાની ટીમ દ્વારા વર્ષ ૨૦૦૭–૦૮ માં થયેલ કામગીરી તથા અગાઉના વર્ષોમાં થયેલ કાર્યોની વિગતો રજુ થઈ તેના પર ચર્ચા ચાલી અને આગામી સમય માટે આયોજન કરવામા આવ્યુ ઉપસ્થિત સાથીઓએ સંસ્થાની કામગીરી પર પોતાની ટીકા ટીપ્પણી સહ જરુરી સૂચનો પણ કર્યા હતા.

અધિવેશનમા ઉપસ્થિત ખેડૂતોને વર્ષા વીમા સંબંધી માહિતી આપવામા આવી હતી. આ ઉપરાંત રાષ્ટ્રિય કૃષિનિતી અને સીડઝ બીલ અંગે પણ ચર્ચા કરવામા આવી.

આ દિવસે વહેલી સવારથી જ વરસાદ શરુ થતાં ઘણાં બહારગામના સાથીઓ જોડાઈ ન શકયા. બપોર બાદ સંસ્થાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ જેમાં અગાઉની સભાની નોંધ વાંચવામા આવી અને ચર્ચા બાદ મંજુર કરવામા આવી. સંસ્થાની વિવિધ સમિતીઓની કાર્યવાહી અંગેના અહેવાલ રજુ થયા. સમયસર અને જરુર જણાય ત્યારે દરેક સમિતિની મીટીગ યોજવા અંગેની દેખરેખ મજબુત બનાવવા કોર ટીમની પુનઃ રચના કરવામા આવી.

વાર્ષિક હિસાબો, બજેટ અને વાર્ષિક અહેવાલ રજુ કરવામા આવ્યા. ચર્ચાના અંતે મંજુર કરવામા આવ્યા.

## અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી.

તા.૧૬/૬/૦૭ ના રોજ સંસ્થાની સાધારણ સભા મળી. જેમાં આગામી વર્ષના આયોજન તથા ગત વર્ષના હિસાબો અને વાર્ષિક અહેવાલ મંજુર કરવામા આવ્યા. આગામી વર્ષ માટે કાર્યવાહક સમિતીની નીમણુંક કરવામા આવી.

## આગામી માસની સાધારણ સભાઓ

પ્રવાહ (પ્લેટફોર્મ ફોર મોબીલાઈઝીગ એકશન ઓન ડ્રીકીગ વોટર)ની સાધારણ સભા તા. ૫/૭/૦૮ના રોજ અમદાવાદ મેનેજમેંટ એસોસીએશન ખાતે ૧૧–૩૦ કલાકે રાખવામા આવી છે.

મહિલા સ્વરાજ અભિયાનની સાધારણ સભા તા. ૯ અને ૧૦ જુલાઈ ૦૭ ના રોજ અવાજ સંસ્થા અમદાવાદ ખાતે મળશે.

ઈન્ડીયન એનજીઓઝ નેટવર્ક ઓન એચઆઈવી/એઈડઝ INN ની ૯ મી વાર્ષિક સાધારણ સભાની મીટીગ ઓકટોબર ૦૮ માં અમદાવાદ ખાતે મળશે ચાલુ વર્ષના સભ્યપદ તા.૧૫/૦૭/૦૮ સુધીમા રીન્યુ કરી લેવા INN સેક્રેટરીયેટ દ્વારા જણાવવામા આવેલ છે.

અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી. ની સાધારણ સભા આગામી જુલાઈ માસમા મળશે તારીખ અને સ્થળ નકકી થયેથી દરેક સભાસદોને જાણ કરવામા આવશે તેમ કંપનીના સીઈઓ શ્રી ડી પી પટેલએ જણાવેલ છે.

## વર્ષા વીમો

હાલમા ખેડૂતો પાક વીમો લે છે તે એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની (એઆઈસી)એ ૨૦૦૬ની ખરીફ મોસમથી વર્ષા વીમા યોજના અમલમા મુકી છે. વર્ષા વીમો વરસાદ આધારિત વીમો છે. આ વીમામાં ખેડૂતને તેના વિસ્તારમા ઓછો, અનિયમિત અને વધુ વરસાદ થાય તો વળતર મળે છે.

આ સંસ્થા પોતાના કાર્ય વિસ્તારના ખેડૂતો સાથે ગામ વાર મીટીંગો યોજી આ વર્ષા વીમાથી ખેડૂતોને વાકેફ કર્યા હતા.આ વીમા યોજનાની વિગતો ખેડૂતો સુધી પહોંચે તે માટે ઓકસફામ તથા સજ્જતા સંઘએ સહયોગ આપેલ છે.

## સજ્જતા સંઘ

તા. ૧૯ કૃષિ કોમોડીટીઝ મીટીંગ

તા. ૧૪ વર્ષા વીમા અંગે મીટીંગ

તા. ૯ ખેડૂતોની જુનાગઢ તાલીમ

તા. ૨૧ રેડીયો કાર્યક્રમની ઉજવણી

## સંકલન સમિતી

પ્રવાહ સંકલન સમિતીની બેઠક તા. ૨૧ જુન ૦૮ના રોજ હરિરાજ કાર્યાલય પર મળી હતી.

## પાણી અને સ્વચ્છતા અંગે અભ્યાસ

પ્રવાહ દ્વારા ગત ૩૧ મે ના રોજ યોજાયેલ એનજીઓ મીટીંગમાં અમરેલી જીલ્લાનો પાણી અને સ્વચ્છતા અંગે અભ્યાસ થાય તે માટે ચર્ચા, આયોજન અને રણનીતી નકકી કરવામા આવી હતી. સીએફડીએ, પ્રવાહ તથા અમરેલી જીલ્લાની સંસ્થાઓ મળી આ અભ્યાસ કરે તેવુ નકકી કરવામા આવ્યુ. અભ્યાસ માટે વધુ સ્પષ્ટતા અને નકકર આયોજન માટે તા. ૧૧ જુન ૦૮ ના રોજ ફરી એક મીટીંગ કરવામા આવી.

## સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ

તા. ૨૩ –૨૪ જુન ૨૦૦૮ ના રોજ રાજકોટ બીશપ હાઉસ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ની કાર્યશાળા રાખવામાં આવી હતી. આ કાર્યશાળાનો મુખ્ય હેતુ ન્યાય સમિતિના બહેનોને આ અધિનિયમ પર વિસ્તૃત જાણકારી તેમજ સમજણ મળી શકે. આ કાર્યશાળામાં દિવાની કાયદો શુ છે?, ફોજદારી કાયદા કયા કયા છે?, આ કાયદાની ખાસીયતો અને તેની જોગવાઈ પર વાત કરવામાં આવી હતી.

ડી.આઈ.આર અને એફ.આઈ.આર. એટલે શુ? તેમજ આ રીપોર્ટ કેવી રીતે તૈયાર કરવો તેમજ તેના ફોર્મ પર માહીતી આપવામાં આવી હતી. આ કાર્યશાળામાં સંસ્થાના એક પ્રતિનિધિ તેમજ ન્યાય સમિતિના બધા બહેનોએ હાજરી આપી માહીતી મેળવી હતી. આ કાર્યશાળાનુ આયોજન સૌરાષ્ટ્ર કચ્છ ગ્રુપ ઓફ એજન્સી દ્વારા કરવામાં આવ્યુ હતુ અને તેનુ સંચાલન ધીરજભાઈ દેરવાડીયાએ કરેલ હતુ.

## નિયમ

મનુષ્યને તે જ મળે છે. જે પોતે મેળવતો હોવાનુ મનમાં નિહાળે છે. દરેક મહાન સિધ્ધિ તેની કલ્પનાને મનમાં દ્રઢિભૂત કરવાથી જ સાકાર બને છે અને ઘણીવાર મોટી સિધ્ધિ મળતા પહેલા નિષ્ફળતા ઘેરી વળે છે. પણ જેઓ નિયમ જાણે છે તે દેખીતી નિષ્ફળતાથી વિચલિત થતા નથી. તેઓ તો સિધ્ધિ મળી જ ગઈ હોય એમ આનંદ મનાવે છે અને પરમાત્માનો આભાર માને છે.

ઘણીવાર માણસને બદલે તેનો મિત્ર આવી દ્રઢતા દર્શાવી શકે તોપણ કામ થાય છે. માણસને પોતાને નિષ્ફળતા દેખાતી હોય ત્યાં મિત્ર સફળતા જોઈ શકે છે અને શંકાશીલ બનતો નથી. એક માણસ બીજા માણસ માટે આ કરી શકે છે. આથી માણસનું પોતાનુ મન ડામાડોળ થતુ હોય ત્યારે બીજાની સહાય માગતાં તેણે કદી અચકાવું જોઈએ નહિ. જીવન પ્રક્રિયાના એક નિરીક્ષકે તો એટલે સુધી કહેલુ કે દુનીયામાં એક પણ માણસ જો તેમને સફળ રૂપે જોતો હોય તો તમે કદી નિષ્ફળ નહી થાવ. આથી જ ઘણા મહાન માણસોની સફળતા તેમની પત્ની કે તેમના મિત્ર કે કોઈ સ્વજને તેમનામાં મુકેલી શ્રધ્ધાને આભારી હોય છે.

**સ્ત્રોત –જીવન એક ખેલ**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1s of month

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

અમુક હદથી વધારે સહન કરવુ એ સદગુણ નહિ, કાયરતા છે.